

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ફરી, સળગતા સીમાડે શરૂ સુરક્ષાની ઘંટી !*
*ને ફરી 'વેરા' ના ભારથી મૃત્યુની વાગશે ઘંટી !*
*ફરશે ઘંટીને દળાશે ઝીણું શસ્ત્ર-કમીશન,*
*ફરી સંપીને ફરશે ચોરના ભાઈઓની ઘંટી...*

### હાઈકુ

*ચૂંટણી પૂર્ણ -*
*ને રાબેતા મુજબ*
*'ચક્કર' ચાલુ...*

*એસી કેબીને*
*સૂકવશે પશીનો -*
*ને લેશે નિંદ્રા...*

### ચિંતન

*શ્વાસ શ્વાસ મેં નામ લે, વૃથા શ્વાસ મત ખોય,*
*ન જાને યહ શ્વાસ કો, આવન હોય ન હોય*

**ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કે, 'મનુષ્ય ! આપણો શ્વાસ અવિરત રાત અને દિવસ ચાલતો જ રહે પણ એ શ્વાસ ક્યારે બંધ પડી જાય એ વિશે કોઈ કાંઈ જાણતું નથી માટે પ્રભુને પામવાની જો ઈચ્છા હોય તો એક પણ પળ ગુમાવ્યા વિના હરેકે હરેક શ્વાસમાં ઈશ્વરનું સ્મરણ અને તેના નામનું રટણ કરતો રહે કારણ કે શ્વાસની આવનજાવન અચાનક બંધ પડી જશે અને પરમાત્માનું સ્મરણ કરવાનો સમય જ નહીં રહે માટે વૃથા (વ્યર્થ) સમય વેડફીશ નહીં.'**

**આપણી આયુ મર્યાદા 'શ્વાસ'ની સંખ્યાની નિર્મિત બાંધેલી છે. પ્રાચીન સમયના યોગી શ્વાસને થંભાવી વર્ષો જીવી જતા હતા.**

**શ્વાસ સાથે ઈશ્વરનું નામ લેવાઈ જાય એવાં નામ - મંત્રા પણ છે તેથી વિના પરિશ્રમ-પ્રયત્ન ઈશ્વરનું નામ આપોઆપ સૂતાં-જાગતાં લઈ શકાય છે.**

### સુવિચાર

- વૈરીના સત્ય વચનને માન આપવું - **શ્રીમદ્ રાજચંદ્ર**
- દેહ છતાં જેની દશા, વર્તે દેહતીત, તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત - **જનકલ્યાણ**
- ફિલસૂફી પાસેથી હું આટલું શીખ્યો છું, બીજા લોકો જે કાયદાના ડરથી કરે છે તે હું કોઈ હુકમ કે આદેશ મળ્યા વિના કરું છું - **એરિસ્ટોટલ**
- હકીકતો જેવું કશું હોતું નથી, કેવળ અર્થઘટનો જ હોય છે - **ફ્રેડરીક નિત્સે**
- જે સાચું છે તે જાણવાની આપણી તૈયારી ન હોય ત્યારે તેવી સ્થિતિને 'શ્રદ્ધા' કહેવાય - **ઓશો**
- નબળાનું પરખું નસીબ પણ નથી સેવતું - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : ત્રીકટુ ચૂર્ણ મધ અને જૂના ગોળ સાથે ચાશ જમતા પહેલા લેવાથી મંદાગ્નિ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પ્રસિદ્ધ કોશકાર ડૉ. રઘુવીર સદનમાં હિન્દીની મહત્તા પર બોલ્યા પછી સમાપનમાં કહ્યું, 'સંસ્કૃત સમસ્ત ભાષાઓની જનેતા છે, હિન્દી સરળત્તમ ભાષા છે, આપણે અને અગ્રસ્થાન આપવું જોઈએ, અને પ્રત્યેક ક્ષેત્રે હિન્દીને અપનાવવી જોઈએ.'

દક્ષિણ ભારતના સાંસદ વેંકટપપ્પા એ એ વિષે ટીકા કરતાં કહ્યું, અંગ્રેજી પણ ભાષાને નાતે સંસ્કૃત અથવા હિન્દીની બહેન એટલે કે આપની માસી થઈ, તો પછી તમે એની પાછળ હાથ ધોઈને શા માટે પડ્યા છો ?'

આ તીક્ષ્ણ વ્યંગનો ભરપૂર વ્યંગાત્મક જવાબ આપવા ડૉ. રઘુવીર ઊભા થયા અને બોલ્યા, 'આપણા દેશની માસી બહેનની પ્રગતિમાં બાધક નથી બનતી, પણ આ વિદેશી માસી પોતાની બહેનનાં માર્ગમાં બાધા બનીને ઊભી છે.'

રાજ્યસભાના સૌ સદસ્યો ડૉ. રઘુવીર ચૌધરીના આ વ્યંગથી ખડખડાટ હસી પડ્યા.

# સર્વોચ્ચ ન્યાયાલયના વડા સામે પણ 'મી-ટુ'

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સામે એક બરતરફ થયેલા મહિલા કર્મચારીએ યૌનશોષણનો આરોપ મૂકી સમગ્ર ન્યાયતંત્રને હચમચાવી દીધું છે. જસ્ટિસ ગોગોઈ ઈમાનદાર ન્યાયમૂર્તિ તરીકે જાણીતા છે. એમની કારકિર્દીમાં કોઈ ડાઘ શોધવો મુશ્કેલ છે. પરંતુ તેઓ પોતે જ આવા આક્ષેપથી વ્યથિત થઈને કહે છે તેમ જ્યારે કોઈ નાણાંકીય ગેરરીતિ અથવા અન્ય પ્રકારની ચૂક નહીં મળી હોય ત્યારે જ એમની સામે આવો ચારિત્ર્ય વિષયક આક્ષેપ મુકાયો હશે. જસ્ટિસ ગોગોઈ પાસે કેટલાક મહત્ત્વના કેસ પડેલા છે, જેમના ચુકાદા એમને આપવાના છે. આવા કેસ કહેવાતાં મોટાં માથાં વિશેના હોઈ એમને ન્યાયમૂર્તિની ખુરશી પરથી હટાવવાના બદઈરાદાથી આવા ગંદા આક્ષેપો કરાવાયા હોય તે શક્ય છે. જેને યૌનશોષણના આરોપ મૂક્યા છે તે મહિલા પર બે ગુનાઓ માટે એફઆઈઆર થયેલ છે. આવી મહિલાને હાથ ઉપર લઈ વગદાર માણસોએ આ કાવતરું ઘડ્યું હોવ એવી ચીફ જસ્ટિસની દહેશત સાચી પણ હોઈ શકે. જસ્ટિસ ગોગોઈએ હમણાં જ રાહુલ ગાંધીને અદાલતની અવમાનના બદલ નોટિસ પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે 'ચોકીદાર ચોર હૈ' નું સૂત્ર રમતું મૂકનાર કોંગ્રેસ અધ્યક્ષે કહેવાતા રાહેલ કૌભાંડ સંદર્ભે છેલ્લે સુપ્રીમ કોર્ટે કરેલ નિરીક્ષણ જુદી રીતે ટાંકીને અદાલતની ખફગી વહોરી લીધી છે. જસ્ટિસ ગોગોઈએ મોટા ચમરબંધીઓને પણ સાચું લાગ્યું તે સંભળાવી દીધું હોય ત્યારે એમની પોતાની જ ઈજ્જતના ધજાગરા ઉડાડવાના પ્રયાસો ન થાય તો જ નવાઈ. અદાલત અને ન્યાયતંત્રને લોકનજરમાં બદનામ કરવાનું આ કાવતરું પણ હોઈ શકે છે. પરંતુ ન્યાયતંત્રે તો અદનામ આદમીથી લઈ વડાપ્રધાન કે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને કાયદાની રૂએ સમાન ગણ્યા છે. એથી ગોગોઈએ પોતાની વિરુદ્ધ થયેલા આક્ષેપોની તપાસ માટે સર્વોચ્ચ ન્યાયાલયના સિનિયર ન્યાયોચિત પગલું ભર્યું છે. ધાર્યું હોત તો તેઓ એમની સામે થયેલ આક્ષેપો સામે આંખ આડા કાન કરી શક્યા હોત અને ફરિયાદીની ફરિયાદ કચરાટોપલીમાં પધરાવી શક્યા હોત. નિવૃત્ત થઈ રહેલા ચીફ જસ્ટિસની કારકિર્દી પર આવો કોઈ પ્રશ્નાર્થ ન રહી જાય એ માટે એમણે સામે ચાલીને પોતાની જ સામે તપાસ સમિતિ નીમીને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. જો કે કોઈ પણ ઊંચામાં ઊંચા હોદ્દા પર બેઠેલો પુરુષ પ્રકૃતિની રૂએ તો સામાન્ય પુરુષ જ રહે છે. એથી પેલી ન્યાય માગી રહેલી મહિલાની ફરિયાદ સદંતર બનાવતી કે ચીફ જસ્ટિસ સામે વેર વાળવાની વૃત્તિથી કરાયેલી છે એવું માની લેવું પણ વધારે પડતું જ ગણાશે. તપાસ સમિતિના શભ્યો પોતે સર્વોચ્ચ ન્યાયાલયના સિનિયર ન્યાયમૂર્તિઓ છે. ખરેખર તો એમની નિષ્ઠા અને પ્રામાણિકતા પણ આ કેસમાં કસોટીની સરાણે ચડી છે.

# આંખની વેલ

**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**



આયુર્વેદએ સંપૂર્ણ ચિકિત્સા શાસ્ત્ર છે. આયુર્વેદનાં આઠ ભાગ પાડવામાં આવ્યા છે. જેને અષ્ટાંગ આયુર્વેદ પણ કહે છે. આ આઠ ભાગમાંથી એક શાલાક્યતંત્ર. આ



શાલાક્ય તંત્ર અંતર્ગત મુખ્યત્વે આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં આવતા ઈ એન ટી તથા ઓપ્થાલ્મોલોજીનાં ડીપાર્ટમેન્ટ કવર થાય છે. આંખ કાન નાક તથા મો નાં અનેક રોગોનું વર્ણન તેના પ્રકારો અને તેના લક્ષણ ચિકિત્સા આદિનું વિસ્તૃત વિવરણ આપણા આયુર્વેદ નાં ગ્રંથોમાં ઉપલબ્ધ છે. શાલાક્ય અંતર્ગત આવતા આંખના રોગોમાંનો એક રોગ એટલે અર્મ. આપણે તેને આંખની વેલ તરીકે ઓળખીએ છીએ. સામાન્ય રીતે ડોકટરો વેલને ઓપરેશન દ્વારા જ મટાડવાની સલાહ આપે છે. આ રોગ સફેદ અને કાળા ડોળાનો છે. નાકના ભાગેથી વેલની શરૂવાત થઈ તે પ્રસરે છે. ઓપરેશન કરી કાઢવી નાખ્યા બાદ પણ ફરી થયાના દાખલા છે. આયુર્વેદ માં ઘણા આચાર્યો આ વેલને માંસ કે સ્નાયુની વૃદ્ધિ માને છે. આયુર્વેદ માં કેટલાક ઔષધો તેમજ તેના યોગો ઉપલબ્ધ છે જેના દ્વારા આંખ ની વેલ થતી અટકે છે.તેમજ તેનો પ્રસાર પણ અટકે છે.

મહામંજીષઠાદિ કવાથ ચામડી તેમજ આંખો માટે હિતાવહ છે. પથ્યાદી કવાથ પણ આવા જ ગુણ ધરાવે છે. આ ઉકાળા ને વ્યક્તિના બળ પ્રકૃતિ મુજબ સેવન કરાવવું જોઈએ. આ ઉપરાંત હરડે બહેડા આમળા સાટોડી નો પાવડર કરી તેને મધ સાથે લેવું. ત્રિફળાના પાણી નાં ટીપા પણ આંખો માં નાખી શકાય. ટીપા નાખવાથી આંખોમાં થોડી બળતરા-લાલાશ અને પાણી નીકળશે પરંતુ ધીરે ધીરે શાંત થઈ જશે આ ઉપરાંત ત્રિફળા ધૃત પણ એક ઉત્તમ ઔષધ છે. ત્રીફલાનું આ ઘી બજારમાં તૈયાર સ્વરૂપે મળે છે. વ્યક્તિના બળ તેમજ પ્રકૃતિને આધારે તેનું દૂધ સાથે સેવન કરવું .

વેલની સારવાર ધીરજપૂર્વક કરવામાં આવે તો ચોક્કસ પરિણામ મળે છે. વળી આ બધા ઔષધોના ગુણોને લીધે આંખને લગતા બીજા રોગો પણ થતા નથી. દરેક પ્રકારના આંખના રોગોથી બચવા તથા આંખનું તેજ વધારવા માટે આયુર્વેદમાં અંજન પ્રયોગ (આંજણ)નું વર્ણન છે. આયુર્વેદમાં બે પ્રકારના અંજન નું વર્ણન છે. સૌવીરાંજન અને રસાંજન.

સુવીરા નામની નદીની માટીમાંથી મેળવાતું અંજન એટલે સૌવીરાંજન. આ અંજન રોજે રોજ કરવાનું સુચન છે. જ્યારે રસાંજન અઠવાડિયે એક બે વખત કરવાનું સુચન છે. રસાંજન લેખનીય ગુણ ધરાવે છે. જેના કારણે આંખો નો ચેપ દુર થાય છે. રસાંજન માટે રસવાન્તીનો ઉપયોગ કરવામાં આવે છે. જે દારૂ હળદર માંથી મેળવવામાં આવે છે.

આંખની વેલ અને તેના જેવા અનેક રોગો માટે હાલ આધુનિક ટેકનીક વડે સરસ સારવાર થાય જ છે. પણ સાથે સાથે આપણા આયુર્વેદમાં વર્ણવેલ ઔષધ પ્રયોગો ચિકિત્સકની સલાહ અનુસાર કરવાથી આવા રોગો જલ્દીથી મટે છે અને ફરી વકરવાના ચાન્સ ઓછા થઈ જાય છે.

(મો) ૯૮૭૯૪૭૧૧૪૭

# ઈન્ટરનેટના જમાનામાં ઘર એ વિશ્વનો ભાગ નહીં, વિશ્વ જ ઘરનો ભાગ બની ગયું છે ત્યારે ધૈર્ય અને યોગ્ય સમજ સોથેનો બાળઉછેર સમસ્યાનું સમાધાન બની શકે છે

**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**



યોગાનુંયોગ એવું બન્યું કે બાળકોને લગતા વિષયની આ લેખન યાત્રા દરમ્યાન જ મને વંદનીય ગુરુ મુખેથી એક સુંદર દષ્ટાંત સાંભળવા મળ્યું... એક સંતશ્રીની સત્ય, પ્રત્યક્ષ સાંભળેલી વાત જણાવતાં ગુરુજીએ કહ્યું કે તેઓ જ્યારે બાળ અવસ્થામાં હતા ત્યારે

**પોતાના બાળક સાથે માતા-પિતાનું ઈન્વોલ્વમેન્ટ જેટલું વધુ એટલો ઉછેર સહજ અને કેળવણી સરળ**

ખૂબ તોફાની હતાં... અવારનવાર મા પાસે જુદી-જુદી વસ્તુઓની માંગણી કરતાં રહેતા. દરેક સમયે એમને મા તરફથી એક જ જવાબ સાંપડતો ' તું કાલે સવારે જાગશે તો તને આપીશ'...બાળસહજ સમજમાં આ વાત આવતી નહીં...અને ફરી એ રમવામાં લાગી જતાં. સતત આ જવાબ આપતી મા નાં જવાબમાં કેટલી તીક્ષ્ણ વાસ્તવિક્તા સમાયેલી હતી એ એમને થોડા સમયમાં જ સમજાઈ ગયું. જે મા પોતાની કૂખેથી જન્મેલ સંતાનને જીવનની અનિશ્ચિતતા, મૃત્યુની વાસ્તવિક્તાને ગળથૂથીમાં પીવડાવીને ઉછેરે છે એ 'મા' નું માતૃત્વ પરમ વંદનીય છે. બાળક પ્રત્યે પોતાના વ્હાલ-પ્રેમ કરતાં એના પ્રત્યેની જવાબદારી ને વધુ મહત્વ આપતી માતા જરૂર પડે ત્યાં રૂક્ષતાનો સહારો પણ લે છે. છેવટે તો પ્રત્યેક પળે મા બાળકનો ઉત્કર્ષ જ ઈચ્છે છે... આવી માતાઓને મહાન વિભૂતીઓની માતા કહેવડાવાનું શ્રેય લાધ્યું છે.

આજથી લગભગ વીસેક વર્ષ પહેલાં માર્ચ મહીનાની આ વાત છે...બાળકને મદદરૂપ થવા ઈચ્છતી મા મને મળવા આવ્યા. હાથમાં બાળકની ડ્રોઈંગ બુક આપતા એમણે કહ્યું... આ કંપ્લીટ કરી આપો તો સારું, બીજા વિષયોની તૈયારીમાં એને આ કરવાનો સમય નહીં મળે. આર્થિક લેવડદેવડની તૈયારી પણ એમણે બતાવી. મા તરીકે એમનો અભિગમ એમના સ્થાને યોગ્ય હશે. પરંતુ મને એ સ્વીકારવું યોગ્ય ન લાગ્યું. એમની નારાજગી વ્હોરવાના જોખમ સાથે વિવેકપૂર્વક મેં ના કહી. કોઈપણ રીતે એમનું કામ તો થયું હશે. પરંતુ આજદિન સુધી એ વાત મારા જહનમાંથી ખસી નથી.

'એક મા સો શિક્ષકની ગરજ સારે છે' આ બહુ જુની અને જાણતી વાત છે. મા માટે બાળકથી વધુ મહત્વનું કોઈ નથી હોતું. પરંતુ એને સાચા અર્થમાં માતૃત્વની પરિભાષાની જાણ છે ખરી !!! મા એટલે પાલવમાં સંતાડીને, દુનિયાની ખરાબી અને તકલીફો થી બચાવીને રાખે એ મા એવું એક ચિત્ર આપણા મનમાં અને બાળકના મનમાં અંકિત હોય છે. પરંતુ પોતાના માધ્યમથી જે બાળકને દુનિયા પર લાવે છે...જે નાડથી મા ના શરીર સાથે જોડાઈને ૯ મહીના જેટલો સમય મા ના શરીરની અંદર જીવ્યું છે એ બાળક પ્રત્યે એની જવાબદારી અગણિત છે. સ્કુલે જતાં બાળકનું દફતર ઊંચકતી અને હોમવર્ક કરાવતી કે ટ્યુશન કે ક્લાસમાં મૂકવા-લેવા જતી મા આ જવાબદારી નિભાવ્યાનો સંતોષ લઈ લે છે...પરંતુ આ બધી બાબતો તો બહુ ગૌણ છે. બાળક પોતાનું દફતર જાતે ઊંચકે, જાતે ભણે, જવાબદારીપૂર્વક હોમવર્ક કરે. મા ને પોતાની અન્ય જવાબદારી નિભાવવાનો સમય મળે એ રીતે પોતાની બાબતોનો ખ્યાલ પોતે જ રાખે... પોતાનું બધું કામ પોતે સંભાળતા શીખે, જવાબદાર બને એ સાચા માતૃત્વનો પરિપાક છે.

આજકાલ માત્ર એક જ સંતાન ધરાવતાં માતા-પિતા, હંમેશા બાળક માટે લાલ જાજમ બીછાવી ને રાખે છે. ખોટું છે એમ નહીં...પરંતુ એની સાથે આ જાજમનું સન્માન બાળક જાળવે, એની કિંમત સમજે એટલી સમજણ અને દષ્ટિકોણ આપવાની ફરજ પણ મા-બાપના શિરે હોય છે. આગળ જતાં પોતાનું સંતાન ગુનેગારનું ટેગ ન મેળવે...સમાજમાં સન્માનનીય બને, પોતાની નજરમાં પણ સન્માનનીય બને એવું ઈચ્છતા દરેક માતા-પિતા, ખાસ કરીને માતાએ પહેલાં પોતાને તૈયાર કરવાની છે. માતા-પિતા બનતાં પહેલાં આ જાગૃતિ અને તૈયારી હશે તો જ પેરેન્ટીંગનો સમયગાળો સરળ બનશે. પોતાના શોખ, સમય, ઈચ્છાઓ, પ્રાયોરીટીઝ સાથે સમાધાન એટલે પેરેન્ટીંગ. બાળકનાં જન્મ સાથે માતા-પિતાનો પણ જન્મ થાય છે. એની સાથે-સાથે જ મોટા થતાં જતાં માતા-પિતા પણ પોતાની અંદર સાચી પુખ્તતાનો આર્વિભાવ અનુભવ કરી શકે છે.

વર્ષો પહેલાં નિરક્ષર માતા-પિતાના સંતાનો પણ શ્રેષ્ઠતમ્ વ્યક્તિત્વ – શ્રેષ્ઠતમ્ સિધ્ધી પામ્યાના હજારો ઉદાહરણો આપણે જાણીએ છીએ. શ્રેષ્ઠ વાલી એ છે જે સંતાનને ગમે તેવું નહીં પણ ગમે તે ( યોગ્ય છે એ ) કહેવાની તૈયારી ધરાવે છે. વાલીએ સીંચેલી સમજ અને સંસ્કારથી સજ્જ બાળક વાલીની વાત ચોક્કસ જ સાંભળવા અને સમજવાની તૈયારી દાખવે છે. આ યોગ્ય પેરેન્ટીંગનું પરિણામ હોઈ શકે. ભારતીય અને એમાંય આપણા ગુજરાતીઓમાં દરેક બાળક પરિવાર કેન્દ્રી વધુ જોવા મળે છે એ આપણું સદનસીબ છે. ખરી પરીક્ષા હવે આવનારી પેઢી અને એના માતા-પિતાની છે ઈન્ટરનેટના આ જમાનામાં હવે જ્યારે ઘર એ વિશ્વનો ભાગ નહીં, વિશ્વ જ ઘરનો ભાગ બની ગયું છે ત્યારે ધૈર્ય અને યોગ્ય સમજ સાથેનો ઉછેર સમસ્યાનું સમાધાન બની શકે છે.

વૃક્ષ કે છોડના મૂળિયાં જ્યાં સુધી જમીન સાથે જડાયેલા છે ત્યાં સુધી એનો સુકાવાનો કોઈ ડર નથી. એમજ બાળકને બાળપણમાં સાંપડેલા સમજણના સમૃધ્ધ ખજાનાની જડો મજબૂત હશે તો એની શાખાઓ સુંદર રીતે વિસ્તરતી રહેશે. એનો સુંદર વિકાસ શક્ય બની શકશે. છોડ નાનો હોય ત્યારે એની લેવાયેલી યોગ્ય સંભાળ એના પર આવનાર ફળ-ફુલની ગુણવત્તા નક્કી કરે છે. એમજ ' સંભાળ' ની યોગ્ય માત્રા બધું સંભાળી લે છે.

આજકાલ માતા-પિતા પાસે સમય ઓછો અને કરવાનું ઘણું છે. તેમને લાંબી કે મોઘમ કહેવાતી વાત નહીં સ્પષ્ટ માર્ગદર્શન જોઈએ છે. એને માટે તેઓ ગૂગલ, કોઈ લાઈફ કોચ કે કાઉન્સેલરની મદદ લેવાનું ઉચિત સમજે છે. આ પણ એક વિકાસની સારી બાજુ છે. પરંતુ પોતાના બાળક સાથે પોતાનું ઈન્વોલ્વમેન્ટ જેટલું વધુ એટલો ઉછેર સહજ અને એની કેળવણી સરળ...આવતા આર્ટીકલમાં આ સંદર્ભે આગળ વાત કરીશું.

**તા.ક. અહીં આલેખેલી દરેક બાબત વ્યક્તિગત અનુભવ અને સમજ આધારિત છે. એ પ્રમાણિત જ છે એવો કોઇ દાવો નથી.**

**વાંચકશ્રી,**

**અહીં અબીલ-ગુલાલ દ્વારા સૌના મન-હૃદય સુધી સકારાત્મક રીતે પહોંચવાનો પ્રયત્ન થાય છે. કંઇક – ક્યાંક મદદરૂપ થઇ શકાય એ લક્ષ્યથી વિષય પસંદગી નું ધ્યાન અપાય છે. લેખક માટે અન્ય કોઈ વિષય પર વાતનું સૂચન કે અંગત કોઈ પ્રશ્નની છણાવટ ઈચ્છતા હોય તો એક કાગળ પર લખી 'ગાંધીનગર સમાચાર ઓફીસ, સેક્ટર-૮', ના સરનામાં પર પહોંચાડી શકો છો. આપણી ઓળખ જણાવવી કે નહીં એ આપની મરજી આધારિત રહેશે. મો. ૯૮૭૯૫ ૨૮૭૨૨ પર વોટ્સએપ કે કોલ કરી ને પણ જણાવી શકો છો. આપના પ્રતિભાવની રાહમાં...**

# ચૂંટણીની ચટણી કરી હોંશે હોંશે ખાય

**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**



ત્રેવીસમી એપ્રિલના રોજ ભારતની લોકસભાની ચૂંટણીઓનો ત્રીજો તબક્કો પૂરો થયો. આ સાથે કુલ ૩૧૯ બેઠકોની ચૂંટણી પૂરી થઈ ગઈ. ગુજરાત રાજ્યની તમામ છવ્વીસ બેઠકોની ચૂંટણી ત્રેવીસ તારીખે હતી. ગઈ ચૂટણીમાં ભારતીય જનતા પક્ષે ગુજરાતની બધી જ ચૂટણીઓ જીતી લઈને એક ઈતિહાસ રચ્યો હતો. ભારતીય જનતા પક્ષ આ વખતે પણ તમામ છવ્વીસ બેઠકો જીતવાની આશા રાખે છે. તેની સામે કોંગ્રેસ પોતાનો રેકોર્ડ સુધારવા તનતોડ મહેનત કરે છે. હવે આવતી ત્રેવીસમીએ ખબર પડશે કે જનતા શું કરવા માંગે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખશ્રી ભરતભાઈ કવિએ ચૂંટણી લક્ષી ઘણા બધા હાઈકુ લખ્યા હતા. આ વખતે મને ચૂટણીલક્ષી દોહા લખવાનું ક્યારનું ય મન થતું હતું. પરંતુ એકે દુહો લખી શકાતો ન હતો. ત્યાં મને યાદ આવ્યું કે નેપાળ પ્રવાસ દરમ્યાન મેં વારાણસીના રેલવે સ્ટેશનથી શ્રી હુલ્લડ મુરાદાબાદીનું એક પુસ્તક ખરીદ્યું હતું તેમાં સાતસો કરતાં વધુ દુહા હતા. જેમાં ઘણા બધા ચૂટણીને લગતા અથવા આપણા નેતાઓ પર પ્રહાર કરતા દોહરા હતા. . આવા દુહા શોધી શોધીને અલગ તારવીને મેં ભેગા કર્યા. કેટલાક દુહાઓ સમય જતાં તેનો અર્થ ગુમાવી બેઠેલા તેવા દુહાઓ બાદ કરીને બાકીના થોડાક દુહા મેં અહીં રજૂ કર્યા છે. આશા છે કે તે આપને ગમશે.

બુથ લૂટના શૌક હે, યે હી હે વ્યાપાર,
પાંચ સાલમેં એક દફા, આતા યહ ત્યોહાર.
આમ આદમી યુ લગા જૈસે પિચકા આમ,
ક્યોંકિ નેતા ચૂસતે ઈસકો સુબહા શામ.
અગર વે મુડમેં આતે,
તો ગુટલી ભી ખા જાતે.
રિશ્વતમેં તુમ ખા ગયે પૂરે પાંચ કરોડ,
ફિરભી પૂરી ન હુઈ, ઈસ પૈસેકી હોડ.
જબ તક ચલતી સાંસ હૈ તબ તક નેતા ખાય,
ચાહે દિનમેં દસ દફા પેટ દર્દ હો જાય.
નેતાકો કહતા ગધા શરમ ન તુઝકો આય
કહી ગધા ઈસ બાતકા, બુરા માન ન જાય.
પૂર્ણ સફલતા કે લિયે દો ચીજે રખ યાદ,
મંત્રી કી ચમચાગિરી, પુલિસકા આશિર્વાદ.
કબ ક્યા કર દે યહ સમય, કૌન સકા હૈ જાન
મિટ્ટીમેં મિલ જાયગા સત્તાકા અભિમાન.
નૌજવાન બેકાર હૈ ઈસ પર દિયા ન ધ્યાન,
ઝંડેકા ડંડે સહિત, ક્યો કરતે અપમાન.
ડાકુ મંત્રી કે યહાં, હોલી મિલને જાય,
ઈન દોનોંકે મિલનમેં, પુલિસ બહુત ચકરાય
ડાકુ મંત્રી કે યહાં, હોલી મિલને જાય,
ઈસમેં ડાકુ કૌન હૈ નહીં સમઝમેં આય.
પઢ લિખકર કુછ ના હુઆ નૌજવાન નિત રોય
યહાં અંગુઠા છાપ શિક્ષા મંત્રી હોય.
દુનિયા કૈસે સમઝ લે, કાવ્ય કલાકે રંગ,
મહંગાઈકી બાઢમેં, હુવા આદમી તંગ.
નહીં ગરીબી સે બડા જગમેં કોઈ રોગ,
તપતે ઈસી બુખાર સે ઝોંપડીયોંકે લોગ.
વહી ગરીબી ભુખમરી, વો હી ભ્રષ્ટાચાર
બિલકુલ ભી બદલી નહીં યહ ભારત સરકાર
કહને કરને મેં તેરે બહુત બડા હૈ ફર્ક
ઈસલિએ તો દેશ કા, બેડા હો ગયા ગર્ક.
હુલ્લડ ઈસ સંસારમેં, જિસકો દેખે રોય,
ચંદ લીડરોં સિવા, યહાં હંસે ના કોય.
નેતા સે મંત્રી ભયો ઢેઢો ઢેઢો જાય
અબ યહ એક કરોડ સે કમ રિશ્વત ન ખાય.
આત્મ હત્યા કર રહે નિશિ દિન યહાં કિસાન
કિસ મુહ સે તુમ કહ રહે, ભારત મેરા મહાન.
છોડેગી ના કિસીકો, મહંગાઈકી માર
ઈસસે પીટને લિયે હો જાઓ તૈયાર
જિસકો રિશ્વત મિલ ગઈ, વહ બાદામ ચબાય
આમ આદમી આજ ભી, મુંગફલી હી ખાય.
પછતાયેગા બાદમેં સમજાતા હું તોય
નહીં ભરોસા બાપકા , અગર વો નેતા હોય.
ચલતી લોકલ ટ્રેનકો પ્રજાતંત્ર હી માન
પિછલે છપ્પન સાલસે લટક રહે ઈંસાન.
રાજનીતિમેં શાલ કા , દાગ મિટે ન કોય
નેતા જ્યો જ્યો ઓઢતા ત્યો ત્યો મૈલા હોય.
ભૂખ ગરીબી ગાંવ કી બમ સે ના મિટ જાય,
જૈસે રાકિટ સે કોઈ રોટી કૈસે ખાય.

આ દુહાઓ વાંચ્યા પછી અને અહીં લખ્યા પછી મારા મનમાં પણ કેટલાક દુહાઓ પ્રગટ્યા છે. તેને અહીં રજૂ કરવાનું હું દુઃસાહસ ખેડી રહ્યો છું. દુહા લખવાનો આ મારો બીજો પ્રયાસ છે. પહેલાં એકવાર દિવાળી નિમિત્તે થોડાક દુહાઓ લખ્યા હતા. તે કોઈનું પણ ધ્યાન દોરવામાં અસમર્થ રહ્યા હતા. આનું ભવિષ્ય પણ કાંઇ જૂદું નહીં હોય એની મને ખાતરી છે. એટલે તો એની રજૂઆતને હું દુઃસાહસ ગણું છું.

ચૂટણી પતી ચાલ્યા ગયા, થયા ના દર્શન ક્યાંય,
પાંચ વરસ વીત્યા પછી, માંગી રહ્યા છે ન્યાય.
હાથ જોડે, ચરણે નમે, કરતાં મુખડું મ્લાન,
ફરી તમોને છેતરી, જીતી જવાનો પ્લાન.
પાંચ વરસ વીતી ગયાં, થયો ના ક્યાંય વિકાસ,
રામનામને આશરે , જીતી જવાની આશ.
દેશ-વિદેશ બહુ બહુ ફર્યા, દરિયા ડહોળ્યા બાર,
જોયું ના ઝૂપડું ગરીબનું, ગાડી ના પહોંચી યાર.
રોજી રોજી શું કરો, રોજીનો નહીં પાર,
તળી પકોડા પ્રેમથી, વેચો કોલેજ બહાર.
તું મામો હું ભાણિયો, ભૂલી ગયો શું યાર,
ગંગામાં નહાવા કદી, ગયા હતા હરિદ્વાર.
ગંગામાં નાહ્યા પછી ધોવાયાં ન પાપ,
ગંગાજી મેલાં થયાં, એના ના કોઈ શ્રાપ..
તું મામાને ભૂલી ગયો, હું ભૂલ્યો ભાણેજ,
ચૂંટણી આવી તો મળ્યા, આવી ઘર સામે જ.
ઝૂપડું એકે નહીં રહે, રહેશે ના અંધકાર,
વચન આપું છું તને, કર તું જયજયકાર.
પપ્પુ, પપ્પુ સબ કહે પપ્પી કરે ના કોય,
જો જીતકી પપ્પી મિલે, દુખ કાહેકો હોય ?
લાલુ યાદવ જેલમાં કરતા હશે વિચાર,
કેવી હશે આ ચૂટણી, કેવા હશે મતદાર ?
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ,
નેતા હી પીટતે રહે, સારે જગમેં ઢોલ.
હમસે અચ્છા કૌન હૈ, હમસે પ્યારા કૌન ?
ખાદીમેં નેતા લગે, ખાકીમેં દિખે ડોન.
યહ સંસારકો છોડકર, સાધુ બનતે દેખ,
તું સાધુત્વ છોડકર, ગદ્દી ચડ ગયા એક.
રંગીન વસ્તર ત્યાગીને સાધુ થયા મહાન,
નફરત તો છૂટી નહીં, કોણ કરે સન્માન ?
ચૂટણીની ચટણી કરી, હોંશે હોશે ખાય.
એવા કવિના કવિતને કદી ના લોકો ગાય.